| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૯/૦૭/૨૦૨૦ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૧૩૧/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૩૯૩ | ૩૬ | ૯૪૨૯ | ૧૫૪૫૧ | ૩૬ | ૧૫૪૮૭ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૬૨ | ૩ | ૪૨૬૫ | ૫૭૭૮ | ૩ | ૫૭૮૧ |
| ૩ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૦૮૭૫ | ૧૦૫ | ૧૦૯૮૦ | ૧૧૫૭૩ | ૭૮ | ૧૧૬૫૧ |
| કુલ | | ૨૪૫૭૩ | ૧૪૪ | ૨૪૭૧૭ | ૩૩૦૦૫ | ૧૧૭ | ૩૩૧૨૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૩ | ૭,૦૩,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૭૪૫ | ૯,૪૯,૦૦૦/- |

# લુંટના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :-

## દશ વર્ષના નાના બાળકને ઈજા કરી મોબાઈલ ફોન તથા રોકડા રૂપીયાની લુટ કરતા ઈસમોને જડપી પાડતી રામોલ પોલીસ

રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૦૦૯૪-એ ઈપીકો કલમ ૩૭૯(એ)૪,૧૧૪ મુજબના કામના ફરીયાદી શ્રી ફરીદમીયા મીરસાબમીયા શેખ ઉવ:૩૯ રહે:૧૧૯૨ મહમદનગર રામોલ ગામ ત્રણ રસ્તા પાસે રામોલ અમદાવાદ શહેર નો દીકરો ફૈઝાન ઉવ:૧૩ નો રામોલ રીંગરોડ થી ગત્રાડગામ તરફ જતા રોડ ઉપર આવેલ ફરીદભાઈ ના ખેતરમાં ચાલતી સાઈડની સામે જાહેરમાં બેસી મોબાઈલ ફોનમાં ગેમ રમતો હોય આ દરમ્યાન રીક્ષા નં. જીજે.૨૭.વાય.૯૧૮૬ લઈ ત્રણ અજાણ્યા માણસો આવી ફરીશ્રીના દીકરાના હાથ માંથી મોબાઈલ ફોન ઝુટવી તેને ધક્કો મારી પાડી દઈ મોબાઈલ ફોન તથા મોબાઈલ ફોનની પાછળ કવરમાં રાખેલ રોકડા રૂપીયા ૫૦૦૦/- મળી કુલ્લે કીમત રૂપીયા ૧૩૦૦૦/- ની મત્તાની લુટ કરી જતા રહેલ હોય જે બનાવ સબંધે પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તારીખ:- ૦૮/૦૭/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે ઉપરોક્ત નંબર વાળી રીક્ષાની તપાસમાં હતા દરમ્યાન પો.સ.ઈ વી.બી.વાઘેલા નાઓને મળેલ બાતમી આધારે પંચો રૂબરૂ રામોલ ગામ ત્રણ રસ્તા વોચ તપાસ કરતા આરોપીઓ નં.૧ શાહબાજખાન સબદલખાન પઠાણ ઉવ:૨૫ રહે:મામા તલાવડીના છાપરાની સામે જનતાનગર રામોલ અમદાવાદ શહેર તથા નં.૨ અનવર ઉર્ફે રાજુ ઉર્ફે બોકડા અલતાફભાઈ શેખ ઉવ:૩૭ રહે:બી/૮૯ જશનગર જનતાનગર રામોલ અમદાવાદ શહેર તથા નં.૩ જાવેદ ઉર્ફે સઈસઈ સહેજાદમીયા મંસુરી ઉવ:૩૮ રહે:૧૦૪ જશનગર જનતાનગર સામે રામોલ અમદાવાદ શહેર નાઓને ઉપરોક્ત ગુનામાં વાપરેલ સીએનજી રીક્ષા નં.જીજે.૨૭.વાય.૯૧૮૬ સાથે પકડી ઉપરોક્ત ગુનાના કામે લુટમાં ગયેલ મુદ્દામાલ રોકડા રૂપીયા ૫૦૦૦/- કબજે કરી ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી અનડીટેક ગુનો શોધી કાઢેલ છે.



# નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :-

## અપહરણ તથા બળાત્કારના ગુનામાં છેલ્લા એક વર્ષથી ગુનાના કામે અટક કરવાનો બાકી આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.આશિષ ભાટીયા સાહેબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા નિપુણા તોરવણે સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા બિપિન આહિરે સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મિલાપ પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન તેમજ સુચના આધારે અમદાવાદ શહેરમાં સગીરબાળાઓ પર બનતા ગુના અટકાવવા સારૂ અને બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ અને ગુનાના કામે પકડવાના બાકી આરોપીઓને પકડી પાડવા સારૂ જરૂરી સુચનાઓ કરેલ જે આધારે અત્રેના નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફ.ગુ.ર.નં. ૭૨/૨૦૧૯ ઇ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨) (એન) તથા પોક્સો એકટ ૨૦૧૨ ની કલમ ૩, ૪, ૫(એલ), ૮, ૯ (એલ), ૧૦, ૧૧(૬) ૧૨ તથા એટ્રોસીટી એકટ કલમ ૩(૨)(૫) તથા ૩(૨) (૫-અ),૩ (૧) W (I) (II) મુજબના ગુનાના કામે આરોપી રફીક કાસમભાઇ મલેક ઉ.વ. ૩૬ રહે.ગામ જેઠલજ તા:કલોલ જી.ગાંધીનગર_નાનો ફરીયાદીની સગીરવયની દીકરી ઉ.વ.૧૭ વર્ષ ૮ માસ નાનીને તા. ૨૬/૦૪/૨૦૧૯ ના રાતના આઠેક વાગ્યાના સુમારે ફરીયાદીના રહેણાંક મકાનેથી ભગાડી લઇ ગયેલ હોય સદરી આરોપી છેલ્લા એકાદ વર્ષથી પોલીસ પકડથી ભાગતો ફરતો હોય અને સદર ગુનાની તપાસ મ.પો.કમિશ્નરશ્રી એસ.સી.એસ.ટી. સેલ કારંજભવન નાઓ કરી રહેલ હોય અને તેઓ મારફતે આરોપી વિરૂદ્ધ નામદાર કોર્ટ માંથી સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંન્ટ મેળવેલ હોય અને સદરી આરોપીની તપાસ કરવા સારૂ અમોને નામજોગ લેખિત યાદી આપી આરોપી પકડવા સુચના પણ કરેલ હોય જેથી અત્રેના પોલીસ સ્ટેશનથી અલગ અલગ ટીમો બનાવી હ્યુમન શોર્સિસ તેમજ ટેકનીકલ સ્ત્રોત મારફતે ખંતપુર્વક તપાસ કરતા ઉપરોક્ત ગુનાનો આરોપીને આજરોજ તા.૦૮/૦૭/૨૦૨૦ ના રોજ મળી આવેલ હોય સદરી આરોપીને મ.પો.કમિશ્નરશ્રી એસ.સી.એસ.ટી.સેલનાઓને સોંપવા તજવીજ કરેલ છે. તેમજ ફરીયાદીની સગીરવયની દીકરી મળી આવેલ હોય અને તે ફરીયાદી દીકરી પુખ્તવયની થતા ફરીથી પણ તે ઘરેથી ભાગી ગયેલ હોય જે સબંધે અત્રેના પો.સ્ટે. જાણવા જોગ નં. ૧૨૧/૨૦૧૯ થી દાખલ કરવામાં આવેલ જે જાણવા જોગના કામે પણ ફરીયાદીની દીકરીને શોધી કાઢેલ હોય જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા ખુબ જ સારી અને પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-</u>

૧. પો.ઇન્સ એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.

૨. પો.સ.ઇ. એસ.એ.કુલધારા નારોલ પોલીસ સ્ટેશન  અમદાવાદ શહેર.

૩. અ.પો.કો. યોગેશકુમાર ભગવતપ્રસાદ બ.નં.૬૩૬૦ તથા અ.લો.ર.યોગીરાજસિંહ સુખદેવસિંહ બ.નં.૧૧૬૦૯ તથા અ.લો.ર. રાજેન્દ્રસિંહ દીલીપસિંહ બ.નં. ૧૨૯૯૪ તથા



**“કે” ડીવીઝન :-**

## સરખેજ પોલીસ સ્ટેશનના જુગારના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને પકડી પાડતી મદદનીશ પોલીસ કમિશ્નર “કે” ડિવીઝન વિસ્તાર ટીમ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચનાથી સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી મિલાપ પટેલ “કે” ડિવીઝન નાઓએ “કે” ડિવીઝન વિસ્તારના નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ એક ટીમ બનાવી ખંત પુર્વક પ્રયાસ કરી પરીણામલક્ષી કામગીરી કરવા આપેલ સુચના મુજબ “કે” ડિવીઝન ટીમના અ.હે.કો. શફીઉલ્લાખાન મહેબુબખાન બ.નં-૮૭૩૪ તથા અ.હે.કો. જયરાજસિંહ હરીસિંહ બ.નં-૪૪૦૭ તથા પો.કો. હર્ષદસિંહ ગંભીરસિંહ બ.નં-૪૭૮૫ તથા પો.કો. વિરભદ્રસિંહ રાજેન્દ્રસિંહ બ.નં-૧૦૩૧૧ નાઓ “કે” ડિવીઝન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન પો.કો. હર્ષદસિંહ ગંભીરસિંહ બ.નં-૪૭૮૫ નાઓને મળેલ બાતમી હકીકત આધારે, સરખેજ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં-૩૩૩૮/૨૦૧૯ જુગારધારા કલમ ૪,૫ મુજબના ગુનાના કામે છેલ્લા એક વર્ષથી પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતો ફરતો વોન્ટેડ આરોપી નામે હસન ઉર્ફે બંગડી ગુલામહુસેન શેખ ઉ.વ-૩૬ રહે-શાહનગરના છાપરા શાહઆલમ રોજાની સામે શાહઆલમ દાણીલીમડા અમદાવાદ શહેરના ને આજરોજ તા-૦૮/૦૭/૨૦૨૦ ના કલાક ૧૩/૪૫ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(આઇ) મુજબ પકડી અટક કરી સરખેજ પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>શાહીબાગ પોલીસ સ્ટેશન :-</u>

### <u>શાહીબાગ પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૧૨૦૧૩૨૦/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ ના કામના ગુનાના આરોપીને મુદામાલ સાથે પકડી પાડતી મેઘાણીનગર પોલીસ</u>

અધિક પો.કમી.શ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમી શ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમી.શ્રી "જી" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી મેઘાણીનગર પો.સ્ટે નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ ના પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ તથા પ્રો.મ.સ.ઇ. દીગ્વીજયસિંહ ભરતસિંહ બ.નં.૧૩૬૫૯ તથા અનાર્મ હે.કો. સિરાજઅહેમદ લીયાકતઅલી બ.નં.૮૩૩૮ તથા અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫ તથા અનાર્મ લોકરક્ષક નિરજસિંહ ચંદ્રમાસિંહ બ.નં.૧૧૦૩ તથા અનાર્મ લોકરક્ષક સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૧૪૮૦ નાઓ મીલકત સબંધી ગુના શોધવા તથા અટકાવવા સારૂ મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમીયાન પ્રો.મ.સ.ઇ. દીગ્વીજયસિંહ ભરતસિંહ તથા અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ નાઓની બાતમી હકીકત આધારે આરોપી રોશન ઉર્ફે છોટુ સ/ઓ નારાયણ નરસ્સપા જાતે ચેરોલ ઉવ-૨૦ (જન્મ તા:-૧૧/૦૭/૨૦૦૦) રહેવાસી- છગનજીની વાડી મહાકાળી મંદીરની પાછળ જુના એરપોર્ટ પાસે છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર અમદાવાદ શહેર નાઓને ચોરીના એક્ટીવા નંબર - જીજે.૦૧.એલ.એસ.૫૫૮૬ ની કિ.રૂ.૪૦૦૦/- ના મત્તાના મુદ્દામાલ સાથે તા- ૦૮/૦૭/૨૦૨૦ ના કલાક ૧૨/૦૦ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી પાડી <u>શાહીબાગ પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૧૨૦૧૩૨૦/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯</u> ના ગુનાના આરોપીને મુદામલ સાથે પકડી પાડી સારી તેમજ પ્રશંસનિય કામગીરી કરેલ છે.

**<u>આરોપીનું નામ સરનામુ</u>** (૧) રોશન ઉર્ફે છોટુ સ/ઓ નારાયણ નરસ્સપા જાતે ચેરોલ ઉવ-૨૦ (જન્મ તા:-૧૧/૦૭/૨૦૦૦) રહેવાસી- છગનજીની વાડી મહાકાળી મંદીરની પાછળ જુના એરપોર્ટ પાસે છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર અમદાવાદ શહેર

**<u>કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી</u>** (૧) પ્રો.પો.સ.ઈ વી.એ.હરકટ તથા (૨) પ્રો.મ.સ.ઇ. દીગ્વીજયસિંહ ભરતસિંહ બ.નં.૧૩૬૫૯ તથા (૩) અનાર્મ હે.કો. સિરાજઅહેમદ લીયાકતઅલી બ.નં.૮૩૩૮ તથા (૪) અનાર્મ લોકરક્ષક રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫ તથા (૫) અનાર્મ લોકરક્ષક નિરજસિંહ ચંદ્રમાસિંહ બ.નં.૧૧૦૩ તથા (૬) અનાર્મ લોકરક્ષક સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૧૪૮૦



# આર્મ્સ એકટના આરોપીની અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :-

## નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાથી દેશી બનાવટનો તમંચો નંગ-૧ તથા જીવતો કરતુસ નંગ-૧ મળી કુલ ૧૦,૧૦૦/- રૂપિયાના મુદામાલ સાથે એક ઈસમને ઝડપી પાડતી પી.સી.બી.

મે.પો.કમિ.શ્રી આશીષ ભાટિયા નાઓએ અ.વાદ શહેરમા ગે.કા.હથિયારો સાથે રાખતા ઈસમોને વોચ કરી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે તા. તા.૯.૭.૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા તથા સ્ટાફના મસઈ ધનરાજસિહ માનસિહ, અહેકો મહેન્દ્ર વાસુદેવ, અહેકો ચેતનસિહ નટવરસિહ તથા અપોકો કેયુરભાઈ ધીરુભાઈ તથા અપોકો મુકેશકુમાર ગોવિંદભાઈ વિગેરે માણસો સાથે પેટ્રોલીગમાં હતા દરમ્યાન અપોકો કેયુરભાઈ ધીરુભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે ચૌહાણ એન્ડ પાર્કીગ પ્લોટની ઓરડી ટોરેન્ટ પાવરની ઓફિસ પાસે શાહવાડી રોડ નારોલ અ.વાદ ખાતેથી આરોપી રાહુલ બ્રીજમોહનસિંગ ચૌહાણ ઉ.વ.૨૭ રહે.૩૪, ઉત્તમનગર સોસાયટી શિવાલીક હોસ્પીટલ પાસે વિરાટનગર અ.વાદ શહેર નાને દેશી બનાવટનો તમંચો નંગ-૧ તથા જીવતો કારતુસ નંગ-૧ મળી કુલ્લે ૧૦,૧૦૦/ રુપિયાના મુદામાલ સાથે પક્ડી પાડી તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન૧૧૧૯૧૦૬૫૨૦૦૫૩૨/૨૦૨૦ આર્મ્સ એક્ટ ૨૫(૧-બી)(એ) તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબનો ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપી :** (૧) રાહુલ બ્રીજમોહનસિંગ ચૌહાણ ઉ.વ.૨૭ રહે.મ.ન.૩૪, ઉત્તમનગર સોસાયટી શિવાલીક હોસ્પીટલ પાસે વિરાટનગર અમદાવાદ શહેર

**વોન્ટેડ આરોપી:**(૧) **ગૌરવ ગોપાલસિંગચૌહાણ રહે.ગેરતપુર અમદાવાદ**

**ગુનાની જગ્યા** : **આરોપી રાહુલ બ્રીજમોહનસિંગ ચૌહાણ ના કબ્જા ભોગવટાવાળા ચૌહાણ એન્ડ પાર્કીગ પ્લોટની ઓરડી ટોરેન્ટ પાવરની ઓફિસ પાસે શાહવાડી રોડ નારોલ અમદાવાદ ખાતેથી**

**પકડાયેલ મુદામાલ : (૧) દેશી બનાવટનો તમંચો નંગ-૧ કિંમત રૂ.૧૦,૦૦૦/ (૨) જીવતો કારતુસ નંગ-૧ કિંમત ૧૦૦/**





# પાસા અટકાયતની વિગત

## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી સુરત લાજપોર મધ્યસ્થ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ આરોપીનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી **સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ** આરોપીને શોધી કાઢી પકડી પાડી આરોપી અજય સ/ઓ હરિશભાઇ લક્ષ્મણભાઇ વાઘેલા ઉ.વ ૨૬ રહે,શંકુભવન મ.નં બી/3 આનંદપાર્ક મઢુલીની બાજુમા ઇસનપુર અમદાવાદ શહેરનાને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા /૪૩૯/૨૦૨૦ તા.૦૭/૦૭/૨૦૨૦ થી સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૦૮/૦૭/૨૦૨૦

## <u>ગુના નિવારણ શાખા :-</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૮.૦૭.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ  છે.

- અમદાવાદ શહેરના શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની મો.સા.ની ડેકીના લોક તોડી ડેકીમા મુકેલ રોકડા નાણની ચોરી કરી લઈ જનાર તથા લોકોના ટેમ્પાના સાઈડના પ્લાસ્ટીક્ના ખાનામા મુકેલ રોકડા નાણાની ચોરી કરી જનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે અમીત હરેશભાઈ તમંચે રહે.સેનુભાઈના મકાનમા સિંગલ ચાલી અરુણાબેનની ચાલીની પાછળ કુબેરનગર અમદાવાદ  વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અમીત હરેશભાઈ તમંચે રહે.સેનુભાઈના મકાનમા સિંગલ ચાલી અરુણાબેનની ચાલીની પાછળ કુબેરનગર અમદાવાદ |

અમદાવાદ શહેરના નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમા  ભારતીય બનાવટનો વિદેશી દારુ જનતાના સ્વાસ્થયને હાનીકારક હોવા છતા પોતાના સાગરિતો સાથે મળી  રાજસ્થાન સીકર બાયપાસ ખાતેથી પોતાના સાગરિત પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુ નો જથ્થો પોતાના રહેણાક આસપાસ વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે બોલેરો પીક્પ ગાડીમા લાવી પોતાના સાગરિતો સાથે મળી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારુ વેચાણ કરી ગેરકાયદેસરના વગર પાસ પરમીટના ભારતીય બનાવટનો વિદેશી દારુના જથ્થાની હેરાફેરી કરી કરનાર ઈસમ નામે દિપેશ રાજુભાઈ નિમજે રહે.મ.ન.ઈ/૨૧ શ્રીગણેશ રેસીડેંસી ઉદય ઓટોલિંક પાછળ કઠવાડા નિકોલ અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | દિપેશ રાજુભાઈ નિમજે રહે.મ.ન.ઈ/૨૧ શ્રીગણેશ રેસીડેંસી ઉદય ઓટોલિંક પાછળ કઠવાડા નિકોલ અમદાવાદ |

આ ઉપરાંત પ્રોહીબીશન ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૪ ઇસમો મળી **<u>કુલ્લે ૬ ઇસમો</u> વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત, જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૩૨/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૪૨૧ લીટર દેશી દારૂ, ૩૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૨ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૩૩/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## લુંટની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૩૪/૨૦૨૦

**આનંદનગરઃ** હેતલબહેન વા/ઓ પાર્થીકભાઇ ભટ્ટ (ઉ.વ.૪૦) (રહે.વ્રજ એપાર્ટ્મેન્ટ શીવમ એપાર્ટ્મેન્ટ સામે જોધપુર ગામ આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૭/૨૦૨૦ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એક મહીલા અને એક પુરૂષ કોસ્મેટીક વસ્તુઓ ખરીદી કરવાનુ બહાનુ કાઢી ઘરમાં આવી મકાનનો દરવાજો બંધ કરી મારી ગેરકાયદેસર અવરોધ ઉભો કરી અટકાયત કરી પોતાની પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી હેતલબહેન પાસેથી રોકડ રૂપિયા ૧,૦૫,૦૦૦/- અને સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૦૫,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.મીર ચલાવે છે.

## પતરૂં તુટી જતા ઉપરથી પડી જતા :- સમાચાર યાદી નં.૧૧૩૫/૨૦૨૦

**દાણીલીમડાઃ** મોહમદરફીક ઇદ્રીસખાન શેખ (ઉ.વ.૩૦) (રહે.સુફીયાપાર્ક બોમ્બે હોટલ નવરંગ સ્કુલ આગળ નારોલ) તા.૦૭/૦૭/૨૦૨૦ કલાક ૦૮/૦૦ વાગ્યાના સુમારે નારોલ બેરલ માર્કેટ ખાતે કારખાનામા ઉપરના ભાગે સીમેન્ટના પતરામા કાણા હોવાથી પ્લાસ્ટીકની તાડ પતરી નાખતા હતા ત્યારે પતરૂ તુટી જતા ઉપરથી પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હત. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૭/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.એન.મોરડીયા ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૧૩૬/૨૦૨૦**

**સરખેજઃ** દક્ષાબહેન વા/ઓફ ઇશ્વરભાઇ મોઢેરા (ઉ.વ.૨૫) (રહે. ગોપાલનગર આઝાદનગર નવી ફતેવાડી ધોળકા રોડ સરખેજ) તા.૦૮/૦૭/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પીવાનુ પાણી ભરવા વિજ મોટર ચાલુ કરવા જતા વિજ કરંટ લાગ્યો હતો. સારવાર માટે તેમને નવજીવન હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.આસનાની ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૩૭/૨૦૨૦**

**દાણીલીમડાઃ** મોહમદરફીક ઇદ્રીસખાન શેખ (ઉ.વ.૩૦) (રહે.સુફીયાપાર્ક બોમ્બે હોટલ નવરંગ સ્કુલ આગળ નારોલ) તા.૦૭/૦૭/૨૦૨૦ કલાક ૦૮/૦૦ વાગ્યાના સુમારે નારોલ બેરલ માર્કેટ ખાતે કારખાનામા ઉપરના ભાગે સીમેન્ટના પતરામા કાણા હોવાથી પ્લાસ્ટીકની તાડ પતરી નાખતા હતા ત્યારે પતરૂ તુટી જતા ઉપરથી પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હત. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૭/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.એન.મોરડીયા ચલાવે છે.

**આનંદનગરઃ** રવિન્દ્ર ખેમચંદ્ર મહાજન (રહે. કૃષ્ણધામ ઔડાના મકાન-૬/૧૬૮ આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૭/૨૦૨૦ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ ભીખુભા ચલાવે છે.

**નિકોલઃ** મનીષભાઈ ડાહ્યાભાઈ કાતરીયા (ઉ.વ.૪૦) (રહે. ચન્દ્રલોક સોસાયટી ગોપાલચોક કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૭/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે નિકોલ મુક્તિધામ એસ્ટેટ રોડ નં ૧૯/૩૪ ખાતે છતના હુકમા જોબ વર્કનુ કાપડ બાંધી ગળાફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ચીમનસિહ ગુલાબસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી